# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

**ધોરણ : ૮** **સામાજિક વિજ્ઞાન** **કુલ ગુણ : ૮૦**

**તારીખ : ૧૫/૦૪/૨૦૧૯** **(દ્વિતીય સત્ર)** **સમય : ૭-૧૫ થી ૧૦-૧૫**

પ્રશ્ન-1 આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (16)

1. બ્રહ્મો સમાજની સ્થાપના કોણે કરી ?
   (A) દયાનંદ સરસ્વતી (B) રાજા રામમોહનરાય (C) સ્વામી વિવેકાનંદ (D) જ્યોતિબા ફૂલે

2.હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના કોના પ્રયત્નોથી થઇ હતી ?
   (A) વ્યોમેશચંદ્ર બેનરજી (B) દાદાભાઇ નવરોજી (C) એ.ઓ. હ્યુમ (D) બદરુદ્દિન તૈયબજી

3. આપણા દેશની સર્વોચ્ચ અદાલત કયા શહેરમાં છે?
   (A) દિલ્હી (B) મુંબઇ (C) અમદાવાદ (D) ચંદીગઢ

4.કપાળમાં ચંદન ન લગાડવાની અને કેશકર્તન ન કરવાની પ્રતિજ્ઞા કયા ક્રાંતિકારીએ લીધી હતી ?
   (A) વીર સાવરકર (B) વાસુદેવ બળવંત ફડકે (C) ખુદીરામ બોઝ (D)ચન્દ્રશેખર આઝાદ

5. આપણાં દેશમાં હવે પછીની વસતિ ગણતરી ક્યારે (કઇ સાલમાં) કરવામાં આવશે ?
   (A) 2020 (B) 2021 (C) 2025 (D) 2031

6. ગાંધીજીએ કયા કાયદાને 'કાળો કાયદો' ગણાવ્યો હતો ?
   (A) સતીપ્રથાનો કાયદો (B) વિધવાવિવાહનો કાયદો(C) રોલેટ એક્ટ(D) બાળલગ્ન પ્રતિબંધધારો

7. વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ કોની પસંદગી કરી હતી?
   (A) જ્યોતિબા ફૂલે (B) વિનોબા ભાવે (C) કસ્તુરબા (D) મેડમ કામા

8. યુનો (UNO) નું પૂરું નામ શું છે?
   (A) યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઇઝેશન (B) યુનાઇટેડ નેશનલ ઓર્ગેનાઈઝેશન
   (C) યુનિવર્સલ નેશનલ ઓર્ગેનાઈઝેશન (D) યુનિયન નેશન્સ ઓર્ગેનાઈઝેશન

9. આફ્રિકા ખંડને કયા ખંડ તરીકે ઓળખવામાં આવતો હતો?
   (A) અજવાળિયો ખંડ (B) હિમ ખંડ (C) અંધારિયો ખંડ (D) ટાપુ ખંડ

10.દુનિયાની સૌથી લાંબી નદી કઈ છે ?
   (A) નાઈલ (B) એમેઝોન (C) લીના (D) મેકોંગ

11. મત્સ્ય ઉદ્યોગ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
   (A) પ્રાથમિક ક્ષેત્ર (B) દ્વિતીય ક્ષેત્ર (C) સેવા ક્ષેત્ર (D) વાહનવ્યવહાર ક્ષેત્ર

12. પાણીના પ્રદૂષણથી કયો રોગ થાય છે ?
   (A) દમ (B) શરદી (C) કોલેરા (D) ટી.બી.

13. ભારતના બંધારણમાં હાલ કેટલી માન્ય ભાષાઓ છે?
   (A) પંદર (B) બાવીસ (C) એકવીસ (D) ત્રીસ

14. સવિનય કાનુન ભંગની લડત અન્વયે કઈ ઘટના બની હતી?
   (A) જલિયાવાલા બાગનો હત્યાકાંડ (B) બારડોલી સત્યાગ્રહ
   (C) વિદ્યાપીઠોની સ્થાપના (D) દાંડી કૂચ

Scanned by CamScanner

15. બંધારણની ખરડા સમિતિ ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી ?

(A) ડૉ.રાજેન્દ્રપ્રસાદ (B) મહાત્મા ગાંધીજી (C) વી.પી મેનન (D) ડૉ.બાબાસાહેબ આંબેડકર

16 ગુજરાતની સ્થાપના કયા દિવસે થઇ હતી ?

(A) 1 લી મે 1960 (B) 1 લી એપ્રિલ 1960 (C) 1 લીજૂન 1960 (D) 10 મી એપ્રિલ 1960

પ્રશ્ન-2 (A) ખાલીજગ્યા પૂરો. (4)

1.દયાનંદ સરસ્વતીએ ...............નામના ગ્રંથની રચના કરી

2. વિશ્વમાં વસતિની દૃષ્ટિએ ભારત .........ક્રમે છે.

3. તમામ સમસ્યાઓના મૂળમાં .............જવાબદાર છે.

4. ભારતસંઘમાં જોડાવાની સૌ પ્રથમ પહેલ ભાવનગરના રાજા............... એ કરી હતી.

(B) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (4)

1. એશિયાખંડ પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં આવેલો છે.

2. દર વર્ષે 26 જાન્યુઆરીએ યુનાઈટેડ નેશન્સ ડે ઉજવવામાં આવે છે.

3. દમનો રોગ દૂષિત પાણીથી થાય છે.

4. બહેરામજી મલબારીએ 'રાસ્ત ગોફ્તાર' નામનું મુખપત્ર બહારપાડ્યું હતું.

(C) નીચે આપેલા જોડકાંને યોગ્ય રીતે જોડો (4)

| (A) | (B) |
|---|---|
| 1 રામકૃષ્ણ મિશન મઠ | 1 દયાનંદ સરસ્વતી |
| 2 આર્યસમાજ | 2 ઠક્કરબાપા |
| 3 વહાબી આંદોલન | 3 સૈયદ અહમદખાન અને શરીઅતુલ્લા |
| 4 પંચમહાલ ભીલ સેવા મંડળ | 4 જ્યોતિબા ફૂલે |
| | 5 સ્વામી વિવેકાનંદ |

(D) મને ઓળખો. (4)

1. મેં કેસરી અને મરાઠા નામનાં બે વર્તમાનપત્રો શરૂ કર્યાં હતાં. ---------------

2. હું મીઠું લઈને પસાર થતી હોડીને ઉથલાવી દેતો. ---------------

3. હું ભારતનો પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યો હતો. ---------------

4. હું આફ્રિકા અને ગીરના જંગલમાં રહું છું. ---------------

(E)નીચે આપેલા વિધાનોમાંથી ખોટો શબ્દ કાઢી વિધાન ફરીથી લખો (કોઇપણ ચાર) (4)

1. જ્યોતિબા ફૂલેએ સત્ય શોધક સમાજ / પ્રાર્થના સમાજની સ્થાપના કરી હતી.

2. દાદાભાઇ નવરોજી / લોકમાન્ય તિલક મવાળવાદી નેતા હતા.

3. બાળલગ્ન પ્રતિબંધધારા મુજબ પુરુષની ઉંમર 21/18 વર્ષ લગ્ન માટે નક્કી થયેલ છે.

4. સામાન્ય રીતે ચીજોના વધતા ભાવોને મોંઘવારી/ નફાખોરી કહે છે.

5. શાળામાં ભણાવતાં એક શિક્ષક સંગઠિત/અસંગઠિત ક્ષેત્રમાં આવે છે

પ્રશ્ન-3(A) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો (કોઇ પણ ચાર) (4)

1. ગાંધીજીએ દાંડીકૂચની શરૂઆત અમદાવાદના કયા આશ્રમથી કરી હતી?

2. યુનોનું સૌથી મોટુ અંગ કયું છે ?

Scanned by CamScanner

3. આપણો દેશ કઇ તારીખે આઝાદ થયો ?

4. જગવિખ્યાત 'પિરામીડ' કયા દેશમાં આવેલા છે?

5. વિશ્વનું સૌથીઊંચું શિખર કયું છે ? (6)

(B) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો (કોઈપણ ત્રણ)

1. પ્રદૂષણ એટલે શું?

2. રાષ્ટ્રવાદની ભાવના પેદા કરનારા પરિબળો લખો.

3. જન્મદર એટલે શુ ?

4. અસહકારના આંદોલન વખતે કઈ કઈ રાષ્ટ્રીય સંસ્થાઓની સ્થાપના થઈ ? (6)

(C) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ ત્રણ)

1. રામપ્રસાદ બિસ્મિલને શા માટે ફાંસી આપવામાં આવી હતી ?

2. સેવાક્ષેત્રમાં કઈ કઈ સેવાનો સમાવેશ થાય છે ?

3. મહાગુજરાતની ચળવળ શા માટે શરૂ કરવામા આવી ?

4. આર્કટિક મહાસાગરને મળતી નદીઓ જળમાર્ગ તરીકે શા માટે ઉપયોગી નથી ? (6)

(D) નીચેનાં વિધાનોને કારણ આપી સમજાવો. (કોઈ પણ ત્રણ )

1. વિલિયમ બેંટીકે સતીપ્રથા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો ઘડ્યો

2. આપણે પ્લાસ્ટિકનો વધુ પડતો ઉપયોગ ટાળવો જોઈએ.

3. આપણા દેશમાં દર દસ વર્ષે વસતિગણતરી કરવામાં આવે છે.

4. ભારતમાં સાયમન કમિશનનો બહિષ્કાર કરવામાં આવ્યો. (9)

પ્રશ્ન-4(A) નીચે આપેલા પ્રશ્નોના જવાબ ચાર પાંચ વક્યોમાં લખો (કોઈ પણ ત્રણ)

1. આર્યસમાજની પ્રવૃત્તિઓ કઇ કઇ હતી?

2. ન્યાયતંત્રને શા માટે સ્વતંત્ર રાખવામાં આવ્યું છે.?

3. વસતિ વિસ્ફોટથી કેવી કેવી સમસ્યાઓ સર્જાય છે?

4. ભારતની આઝાદી સમયે કઈ કઈ સમસ્યાઓ પડકારરૂપ હતી ? (8)

(B) ટૂંક્નોધ લખો. (કોઈ પણ બે)

1. ખેડા સત્યાગ્રહ

2. જળપ્રદૂષણ

3. ભારતનુ બંધારણ

પ્રશ્ન-5 દુનિયાના રેખાંકિત નકશામાં નીચેની વિગતો દર્શાવો. (5)

1. ઉત્તર અમેરિકા ખંડ

2. મકરવૃત્ત

3. અરબસાગર

4. બાંગ્લાદેશ

5. દક્ષિણ આફ્રિકા

(માત્ર પ્રજ્ઞાચક્ષુ પરીક્ષાર્થીઓએ નકશાને સ્થાને ભારતના પાંચ પાડોશી દેશોનાં નામ અને તેનાં પાટનગર લખવાં)

Scanned by CamScanner